ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ ક્રમાંક:-SJED/GSC/e-file/17/2022/0001/J Section

તા: /૦૭/૨૦૨૩.

વંચાણમાં લીધા:-

(૧) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમનો તા:૦૪/૦૩/૨૦૨૨નો પત્ર ક્રમાંક:-અવિકો/મકમ/૨૦૨૨/૪૩૩૦.

(૨) વિભાગના તારીખ ૦૪/૦૪/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક : GSC/e-file/2022/0005/J.

## ઠરાવ:-

વંચાણે લીધેલ ક્ર.(૧) પરના પત્રથી ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમએ કરેલ દરખાસ્ત અન્વયે ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવા બાબતે નીચે મુજબ મંજૂરી આપવામાં આવે છે.

સાતમા પગાર પંચ બાદ મંજૂર મહેકમની ભરાયેલ કુલ-૨૩ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્ર.(૨) પરના વિભાગના તા.૦૪/૦૪/૨૦૨૨ના ઠરાવથી મળેલ મંજૂરી અનવ્યે આઉટસોર્સથી સેવાઓ લેવા અંગેની વર્ગ-૩ની કુલ-૦૮ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

ડ્રાઈવરની ૦૨ તથા પટાવાળાની ૧૪ જગ્યાઓ પર આઉટસોર્સથી સેવાઓ લેવામાં આવતી હોઈ, આ કુલ-૧૬ જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

ત્રણ વર્ષથી વધુ સમયથી ખાલી છે તેવી મેનેજરશ્રી(વહીવટ)ની ૦૧, સીનીયર ક્લાર્કની ૦૧ તથા જુનિયર ક્લાર્કની ૦૨ એમ કુલ-૦૪ જગ્યાઓ રદ કરવામાં આવે છે.

નિગમની એક વર્ષથી વધુ તથા ત્રણ વર્ષથી ઓછા સમય માટે ખાલી છે તેવી મદદનીશ મેનેજરની ૦૧, સીનીયર ક્લાર્કની ૦૨ તથા જુનિયર ક્લાર્કની ૦૨ એમ કુલ-૦૫ જગ્યાઓને એબેયન્સમાં મૂકવાની શરતે તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. આ જગ્યાઓ ભરતાં પહેલાં નાણા વિભાગની પૂર્વ મંજૂરીથી એબેયન્સમુક્ત કરાવી લેવાની રહેશે.

એક વર્ષથી ઓછા સમયથી ખાલી છે તેવી જુનિયર ક્લાર્કની ૦૧ જગ્યાને તા.૨૮/૦૨/૨૦૨૩ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.)ની તા:૨૮/૦૯/૨૦૨૨ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( હેતલ ગોહેલ)

Signature Not Verified
Signed by:H T Gohel
Section Officer
Date: 2023.07.20
12:38:49 +05:30

સેક્શન અધિકારી,

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

1. અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશ,સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
2. મેનેજીંગ ડીરેકટરશ્રી,ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ,ગાંધીનગર.
3. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.),સચિવાલય,ગાંધીનગર.
5. એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/રાજકોટ.
6. સેકશન અધિકારીશ્રી - કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.

Signature Not Verified
Signed by:H T Gohel
Section Officer
Date: 2023.07.20
12:38:49 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign